ડૉ.પી.એસ.પટેલ
આસી પ્રોફેસર ઈતિહાસ
એમ.એન.કોલેજ,વિસનગર

## વારલી કિસાન આંદોલન (૧૯૪૫-૪૬)

પચાસના દાયકા દરમિયાન સમાજવાદી વિચારધારા અને કિસાનસભાની પ્રવૃત્તિઓ ગુજરાત ના અંતરિયાળ વિસ્તારો સુધી વિસ્તરી ચુકી હતી. ગ્રામીણ વિસ્તારમાં વસતા શોષિત કિસાનો ઉપરાંત ડુંગરાળ અને જંગલમાં વસતા આદિવાસી કિસાનોના પણ તેના પ્રભાવ નીચે આવ્યા હતા. કિસાનોના જે સમૂહો સ્થાનિક શોષકવર્ગોના અમાનવીય શોષણ અને અત્યાચારોથી પીડિત હતા અને કોંગ્રેસ તથા ગાંધીવાદીઓનીવર્ગ સંવાદની નીતિ તેમના હિતોની સુરક્ષા કરવામાં તેમને સંતોષકારક લાગી નહિ ત્યાં તેઓ ઉદ્દામવાદી નીતિ તરફ આકર્ષાયા. મુંબઈ પ્રાન્તના થાણે જિલ્લાના પાલઘર, ઉમરગાંવ અને દહાણુ તાલુકાના જંગલોમાં વસતા વારલી જાતિના આદિ-વાસીઓ પણ શાહુકારો તથા જંગલ કોન્ટ્રાક્ટરો દ્વારા થતા શોષણ અને અન્યાયથી ભારે અસંતુષ્ટ હતા. કિસાન સભાના કાર્યકરોએ આ આદિવાસીઓ કિસાનોને જાગૃત અને સંગઠિત કરી પોતાના અધિકારો માટે તૈયાર કર્યા. તેના ફલ સ્વરૂપે ઈ.સ.૧૯૪૫-૪૬ના વર્ષો દરમિયાન સમાજવાદી કાર્યકારો દ્વારા પ્રેરિત શાહુકારો અને જામીનદારો વિરોધી આંદોલન આ વિસ્તારમાં ઉગ્ર બન્યું હતું. આદિવાસી કિસાનોમાં સમાજવાદી ઢબના આંદોલનનું સ્વરૂપ સમજવા માટે વારલીના આદિવાસી કિસાનોના આ આંદોલનોનો સમજવા પ્રયત્ન કરીશું.

### ❖ પૂર્વભૂમિકા :

મુંબઈ પ્રાન્તના થાણે જિલ્લાના પાલઘર, ઉમરગાંવ અને દહાણુ તાલુકામાં વસતા વારલી જાતિના આદિવાસીઓ જમીનદારો તથા શાહુકારો શોષણનો ભોગ બનેલા હતા. આ આદિવાસીઓ પાસેથી શાહુકારો અલ્પ રકમના દેવાપેટે તેમની જમીનો પડાવી લઈ તેના પર જ તેમને ગણોતિયા કે ભાગિયા તરીકે વસાવી ઊંચા વ્યાજ, વેઠ તથા ખેતદાસપ્રથા નીચે તેમનું શોષણ કરતા હતા. જંગલ કોન્ટ્રાક્ટરો, શાહુકારો અને જમીનદારોના બનેલા આ શોષક વર્ગને સરકારીતંત્રનું સર્મથન મળતું હતું.આદિવાસી કિસાનો શાહુકારો અને જમીનદારો પાસે ચાલી ગયેલી પોતાની જમીનો જ અડધા ભાગે ખેડતા હતા. વધારામાં તેમણે જમીનદારોની અંગત જમીન પર વિના મૂલ્યે ખેતી કરવી પડતી હતી. આ ઉપરાંત તેમની સ્ત્રીઓએ જમીનદારોના ઘરમાં **'ઘરચાકર'** તરીકેની કામગીરી પણ કરવી પડતી.[૧]

ખેતીની મોસમ ન હોય ત્યારે જમીનદારો પાસેથી કિસાનો **'ખાવટી'** પેટે નિર્વાહ પૂરતું અનાજ મેળવતા જેના બદલામાં જમીનદારોને ત્યાં ચાકર તરીકેની કામગીરી બજાવતા. તેમને કરવામાં આવતા ધિરાણ ઉપર ૫૦ થી ૨૦૦ ટકા વ્યાજ લેવામાં આવતું હતું. પરિણામે તેમની આ ચાકરી આજીવન બની જતી. મોટે ભાગે પારસીઓ, ઈરાનીઓ તથા ઉચ્ચ વર્ણના હિન્દુ જમીનદારો અને શાહુકારો તેમના શોષણ પર સમૃદ્ધ જીવન જીવતા હતા. તેઓ આદિવાસી ગામોમાં મોટાં બે માળના મકાનો બાંધી વસતા હતા. અન્ય કેટલાક નજીકનાં શહેરોમાં વસવાટ કરતા હતા. ખેતી, ઘરચાકરી ઉપરાંત જંગલના કોન્ટ્રાક્ટરો પાસે મજૂરીના કામ મેળવી વારલી આદિવાસી ઓ પોતાનો નિર્વાહ કરતા હતા. આ વિસ્તારમાં ઘાસિયા જમીનમાં ઘાસ કાપનાર મજૂર તરીકે પણ તેમની પણ

તેમની સેવાઓનો ઉપયોગ થતો હતો. આ બધા કાર્યોમાં તેમને મજૂરી પેટે ઓછું વળતર ચૂકવી તેમનું શોષણ કરવા માં આવતું હતું. સ્વાતંત્ર્યની પૂર્વસંધ્યાએ કિસાન સભાના કાર્યકરોએ આ આદિવાસીઓને સંગઠિત કરીને જમીન-દારો અને શાહુકારોની શોષણ સામે સંઘર્ષ માટે તૈયાર કર્યા અને તેમની પ્રેરણાથી થાણા જિલ્લાના આદિવાસીઓનું આંદોલન શરૂ થયું હતું.[૨]

❖ **વારલી આંદલનની મુખ્ય ઘટનાઓ :**

આદીવાસીઓની જાગૃતિ માટે સૌ પ્રથમ કામગીરી 'સાવે' નામના સરકારી અધિકારીઓએ શરૂ કરી હતી. પરંતુ વહીવટી મર્યાદાઓને કારણે તે પોતાની પ્રવૃત્તિને વધુ વિસ્તાર કરી શકયો નહિ. તે પછી મહારાષ્ટ્ર કિસાન સભાના કાર્યકરોએ આદિવાસીની સમસ્યાઓમાં રસ લેવાનું શરૂ કર્યું. ડો. સાને અને એસ.વી. પારૂલકર નામના કિસાન સભાના નેતાઓએ ઈ.સ. ૧૯૪૪ ના ડિસેમ્બર માસમાં ઉમરગામ તાલુકાનાં આદિવાસી ગામોની મુલાકાત લઈ ત્યાંના આદિવાસી કિસાનોને થાણા જિલ્લાના પિતાવાલા મુકામે ૧૨મી, જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ યોજાનારી મહારાષ્ટ્ર કિસાન સભાના સંમેલનમાં હાજર રહેવા તૈયાર કર્યા હતા. લગભગ ૧૫ જેટલા વારલી આદિ-વાસી કિસાનો આ સંમેલનમાં હાજર રહયા. ત્યાં તેમણે શોષણ તથા **'ખેતદાસ પ્રથા'** નો વિરોધ કરવાનો નિર્ણય લીધો. ત્યાં તેમણે સામ્યવાદીઓના લાલ વાવટાને સંગઠનના પ્રતિક તરીકે સ્વીકાર્યો અને તેના નેજા હેઠળ એક ગામથી બીજા ગામે હરતા ફરતા રહી શોષણ સામે સંઘર્ષ અને સંગઠનનો સંદેશ ફેલાવ્યો હતો.[3]

➢ **કિસાન નેતા તરીકે ગોદાવરી પરુળેકર :**

ગોદાવરી પરુળેકર જન્મે મરાઠી હતા. તેઓ મુંબઈ પ્રાંતના થાણા જિલ્લાના તાલુકાઓમાં વસવાટ કરતા હતાં. ત્યાંના જમીનદારો,ધણિયામા તથા જંગલના ઈજારાદારો સામે તેમણે લડતો આપી હતી, જેમાં મુખ્યત્વે પાલઘર,ઉમરગામ,દહાણુ તાલુકાના વારલી કિસાનોમાં આ લડત મોખરે રહીને ચલાવી હતી.તેઓ મહારાષ્ટ્ર કિસાન સભાના નેતા હતા. તેમણે ઈ.સ. ૧૯૪૫માં વારલી કિસાનો માટે લડત ચલાવી ત્યારે તેમને આંગળીના વેઢે ગણી શકાય એટલાનો લોકોનો તેમને સાથ મળ્યો હતો.

આ આદિવાસીઓની જમીન ઉજળિયાત લોકોએ હડપ કરી હતી. પરંતુ જમીન ખેડવા માટે તેમને વારલીઓની તેમને ગરજ હતી. જમીન ચાલી જવાથી વખાના માર્યા વારલીઓને જમીન ઉપર મજૂરી કર્યા સિવાય ચાલે તેમ ન હતું. આ પરિસ્થિતિમાંથી જમીનના માધ્યમથી દુબળા-ગુલામોની તથા વેઠ અને આદિવાસીઓ ઉપર નિર્દય જુલ્મની પ્રથા શરૂ થઈ.આદિવાસીઓની તમામ જમીન ઝૂંટવી લીધા પછી,જમીનદારોએ જમીનમાંથી એકાદ ટુકડો ખેડવા માટે આદિવાસીઓને આપ્યો, અને મોટા ભાગની ફળદ્રુપ ખેતીની જમીન પોતાના માટે રાખી ને તેમ ને આપેલા નાનકડા જમીનના ટુકડાના બદલામાં તેમની પાસે બળજબરીથી અને વિના મૂલ્યે મજૂરી કરાવી લેવા માંડી. આ મફત કામ કરાવી લેતી મજૂરીને **'વેઠપ્રથા'** કહેવામાં આવે છે. અને ગોદાવરી બહેન આ વેઠપ્રથા સામે ચળવળ ચલાવી કિસાનોમાં જાગૃતિ લાવ્યા હતા.[૪]

જે પ્રકારનું કામ ગુજરાતમાં ઈન્દુલાલ યાજ્ઞિકે કર્યું. તેવું જ કામ દક્ષિણ ગુજરાતના છેવાડાના

આદિવાસી કિસાનોમાં ગોદાવરી બહેને ઉમરગામ તાલુકાના સંજાણ,ખતલવાડ,ભિલાડ,સરીગામ,વંકાસ,તલવાડા ,ધનોલી,કોચાઈ,નગર હવેલી,ઝરી,બોર્ડી,વસા,કવાડ,નારગોલ,અંકલાસ,બોરલાઈ વગેરે ગામોમાં ફરી કિસાન સભાનો પ્રચાર કર્યો હતો. અને વારલી કિસાનોના પ્રશ્નો અને સમસ્યા સાંભળવા માટે મામલતદાર કચેરીમાં તેમની ઓફિસ વકીલના નાનકડા રૂમમાં ખોલી હતી. અને ઝરી મુકામે વારલી કિસાનોની પરિષદ ભરી વારલી કિસાનોને એકતાનું ભાન કરાવ્યું. ઝરી પરિષદ પછી આદિવાસીઓએ બિનમજૂરીથી કામ કરવાનો ઈન્કાર કર્યો, તેથી મજૂરી આપવાની જમીનદારોને ફરજ પડી. અને ઉમરગામ તાલુકામાં કિસાન ચળવળને સફળતા મળી જે ગોદાવરી બહેન ની મહેનતના કારણે જ કહી શકાય.[૫]

ઈ.સ. ૧૯૪૫ના મે, માસમાં ઉમરગામના ઝારી (ઝરી) ગામે કિસાન સભાના નેજા હેઠળ વારલી આદિવાસીઓનું એક સંમેલન ભરવામાં આવ્યું. શ્રી.દળવી અને ગોદાવરી પારૂલેકર નામના બે સામ્યવાદી કાર્યકરો એ સંમેલનના એક મહિના પૂર્વે આ વિસ્તારના જંગલોમાં પ્રવાસ કરી કિસાનોનો ગાઢ સંપર્ક કરી તેમને સંમેલનમાં હાજર રહેવા પ્રોત્સાહિતકર્યા હતા.જમીનદારો તથા શાહુકારોએ તેમના કાર્યમાં અવરોધો ઊભા કર્યા તેમ છતાં વારલી આદિવાસીઓએ આ સંમેલનમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યાં તેમણે 'વેઠ' તથા ખેતદાસપ્રથાનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો. વળી રોજના ૧૨ આના (૭૫ પૈસા) રોકડ મજૂરી ન ચૂકવાય ત્યાં સુધી જમીનદારની અંગત જમીન પર કામ કરવું નહિ, કોઈ પણ પ્રકારની મફત સેવા આપવી નહિ અને જમીનદારો તરફથી થતા હુમલાનો સંગઠિત રીતે વિરોધ કરવો તેવો ઠરાવ આ સંમેલનમાં કરવામાં આવ્યો હતો.[૬]

શ્રીમતી ગોદાવરી બહેન પારૂલકરે ૨૧મી,માર્ચના રોજ થાણા જિલ્લાના તલાસરી મુકામે ૨૨૫ જેટલા વારલીઓની એક બેઠક સંબોધતાં તેમને સામ્યવાદી પક્ષમાં જોડાવવા સલાહ આપી હતી. મજૂરોને શાહુકારો સામે સરકારમાં ફરિયાદ કરી શકે છે આદીવાસી મંડળોને નહી તેમ જણાવ્યુ હતું.[૭]

❖ **વેઠ પ્રથા નાબૂદી :**

ઉમરગામના ઝરી ગામના સંમેલનનો સંદેશ વીજળીક ઝડપે તમામ વારલી કિસાનોને પહોંચાડી દેવામાં આવ્યો. સૌએ સંગઠિત થઈ જમીનદારોનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો હતો. ભયભીત કિસાનોને હિંમત આપવામાં આવી અને કેટલાક આનાકાની કરનારાઓને વારલી કિસાનોને સામાજિક બહિષ્કારની ધમકી આપી સાથ આપવા માટે ફરજ પાડવામાં આવી. આમ આ વારલી કિસાન સંગઠનની એવી વ્યાપક અસર થઈ કે, માત્ર ત્રણ જ અઠવાડિયામાં આ પ્રદેશમાંથી **'વેઠ પ્રથા'** નાબૂદ થઈ ગઈ. તેમના પરના જમીનદારોના અત્યાચારો સંપૂર્ણ રીતે બંધ થઈ ગયા હતા.[૮]

❖ **દાસ પ્રથા નાબૂદી :**

**'વેઠ પ્રથા'**ની નાબૂદી સફળતા પછી વારલી કિસાનો **'દાસ પ્રથા'**ની નાબૂદી માટે કટીબદ્ધ બન્યા. અગાઉની સફળતાએ તેમના જુસ્સા અને હિંમતમાં વધારો કર્યો હતો. તેમણે શાહુકારોની જમીન મફત ખેડવાની મનાઈ કરી દીધી અને કિસાન સભા દ્વારા નકકી કરાયેલા વેતનની માગણી કરી. શાહુકારો તેનો પણ વિરોધ કરી

શકયા નહિ અને તે રીતે ચાકર પ્રથા પણ નાબૂદ થઈ. ઉમરગામ તાલુકામાં પ્રસરેલાં આ આંદોલનો તરત જ દહાણું તાલુકામાં પણ ફેલાયાં હતાં.સ્પટેમ્બર ૧૯૪૫માં તાલુકાનાં અનેક ગામોમાં સ્થાનિક કિસાનોએ સ્વયંભૂ રીતે મિટિંગો ભરી શોષણ વિરોધી ઠરાવો પસાર કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં આવી મિટિંગોમાં ૨,000 થી ૩,000 કિસાનો હાજર રહેતા હતા. વખત જતાં આ સંખ્યા ૮,000 થી ૧૫,000 સુધી પહોંચી. કિસાન સભાના કાર્યકરોએ આવી સભાઓમાં હાજર રહી તેમને પ્રોત્સાહન આપ્યું. આર્થિક દેવાના બદલામાં ચાકરીની પ્રથા નાબૂદ કરવા તેઓ કટિ-બદ્ધ બન્યા.

આખર માલ અને નારપૂડ મુકામે ભરાયેલા સંમેલનમાં આ પ્રથાની નાબૂદી માટે નિર્ણય લેવાયો હતો. આ સંમેલનમાં હાજર રહેલા કિસાનોમાંથી થોડાકને બાદ કરતાં મોટા ભાગના સંમેલનમાંથી સીધા જ દેવા-ચાકરોની મુકિતની લડતમાં નીકળી પડયા હતા. તેઓ ચાર ટુકડીમાં વહેંચાઈ જઈને લાલ વાવટા સાથે સરઘસ કાઢી જુદાં જુદાં ગામોની મુલાકાત લઈ ત્યાંના જમીનદારોના નિવાસ સ્થાને ઊભા રહી આવા ચાકરોને તેઓ ઘરમાં થી બહાર બોલાવતા અને તે જ ક્ષણે તે "**દેવામુકત**" તથા "**ચાકરી મુકત**" થયો છે તેવી જાહેરાત કરી તેને સરઘસમાં જોડાઈ જવા સૂચના આપવામાં આવતી હતી. આવા ચાકરો પોતાની સાથે ઘર-વખરી લઈ કુટુંબ સાથે તાત્કાલિક જમીનદારનું ઘર છોડી દેતાં હતા. આંદોલનકારીઓનો જુસ્સો અને સંગઠન જોઈ કોઈ જમીનદાર તેમને રોકવાની હિંમતકરી શકતો નહિ.આ રીતે ફકત ત્રણ દિવસમાં જ એક હજાર (૧,000) જેટલા કિસાનોને દેવા-ચાકરોને મુકિત અપાવવામાં આવી હતી.[૯]

❖ **ઘાસ કાપવાની મજૂરી બાબતે :**

આ ઉમરગામ વિસ્તારમાં ઘાસિયા જમીન પર ઓકટોબર માસમાં ઘાસ તૈયાર થઈ જતું હોવાથી ઘાસ કાપવાની કામગીરી શરૂ કરવામાં આવતી હોય છે. ઈ.સ. ૧૯૪૫ના ઓકટોબર માસમાં સ્થાનિક કિસાનોએ ૫00 રતલ ઘાસની કાપણી માટે અઢી રૂપિયા લઘુત્તમ વેતનની માંગણી કરી. અને તે આપવા માટે શાહુકારો તૈયાર ન હતા. આથી આ વિસ્તારના કિસાનોએ ઘાસ કાપવાની ના પાડી દીધી. ત્યારે જમીનદારો તથા શાહુકારોએ કિસાનોની આ હડતાલ તોડવા માટે વિવિધ પ્રકારની રીત રસમો અપનાવવામાં આવી. તેમની સામે અદાલતોમાં ખોટા ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા હતા. '**ખાવટી**' પેટે આપવામાં આવતું અનાજ આપવાની ન પાડી કિસાનો અને તેના પરિવારોને ભૂખે મારવાનો પ્રયાસ થયો. પરંતુ આવાં પગલા લેવાથી કિસાનોનો જુસ્સો તુટવાના બદલે ઉપરથી તેમની પ્રતિકાર કરવાની શકિત અને સંગઠન શકિત વધારે મજબૂત બની.

આથી ગભરાયેલા જમીનદારો અને શાહુકારોએ સરકાર પાસે મદદ માટે વિનંતી કરી. અને કિસાન સભાના સભ્યો કિસાનોને હિંસાચાર માટે ઉશ્કેરે છે તેવા ગંભીર આક્ષેપો કરી તેમણે કિસાન સભાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી હતી. '**વારલી આંદોલન**' જો હિંસક સ્વરૂપ ધારણ કરે તો સરકારે તેમાં દરમિયાન ગીરી કરવાની ફરજ પડે તે માટે તેમણે આ રીતે યુકિતની રચના કરી હતી. જેમાં પોતાના મળતિયાઓ દ્વારા તેમણે ઉમરગામ તાલુકાના તલવાડા ગામે ૧0મી,ઓકટોબર,૧૯૪૫ની મધ્યરાત્રીએ કિસાન આગેવાન ગોદાવરી પારૂલેકર ની એક મિટિંગ યોજવામાં આવી છે. અને તેમાં શાહુકારોના ગુંડાઓ દ્વારા હુમલો થવાનો ભય છે. તેથી સૌ વારલી

કિસાનોએ આ મિટિંગમાં લાઠી(લાકડી) તથા દાતરડા સાથે હાજર રહેવું આવી અફવાઓ ફેલાવવામાં આવી હતી.[૧૦]

આ અફવાના આધારે વારલી કિસાનો 30 કિલોમીટરનું અંતર પગે ચાલીને ઉમરગામ તાલુકાના તલવાડા મુકામે ૧0મી,ઓકટોબર,૧૯૪૫ની મધ્યરાત્રીથી સુધીમાં સવારે ૧0,000 ની સંખ્યામાં વારલી કિસાનો એકઠા થયા. બીજી બાજુએ શાહુકારો અને જમીનદારોએ જિલ્લા પોલીસ વડાને એવી માહિતી મોકલી આપવામાં આવી કે તલવાડા મુકામે 30,000 જેટલા આદિવાસી કિસાનો ત્યાં એકઠા થયા છે. અને સ્થાનિક જમીનદારો અને શાહુકારો પર હુમલા કરવાનું આયોજન ઘડી રહ્યા છે. આથી પોલીસ તલવાડા મુકામે પહોંચી ગઈ. આ સંજોગોમાં કોઈ જાતની સ્પષ્ટતાના અભાવમાં અને ગેરસમજૂતી ઊભી થઈ અને તેવા વાતાવરણમાં પોલીસે કરેલા ગોળીબાર માં એક કિસાનનું મૃત્યુ પણ થયું હતું. અને બીજા અનેક ઘાયલ થયા હતા. તેમ છતાં આદિવાસી કિસાનો ગોળી-બારના ડર થી પણ વિખરાયા નહિ. તો પોલીસે તેમને વિખેરવા માટે પંદર કલાકના સમયમાં તેમની પર ત્રણ વાર ગોળીબાર કર્યો. આ ગોળીબારમાં કુલ પાંચ વારલીઓ કિસાનો મૃત્યુ પામ્યા અને ખૂબ જ મોટી સંખ્યામાં કિસાનો ઘાયલ થયા હતા.[૧૧]

આ ઘટનાની ખબર નજીકના કિસાન સભાના કાર્યાલયમાં પહોંચતા ત્યાંના કિસાન સભાના કાર્યકરો તલવાડા પહોંચી ગયા.અને એમની સમજાવટથી પછી ત્યાંથી આદિવાસી કિસાનો વિખરાઈ ગયા. આ ઘટના માટે કિસાન સભાના કાર્યકરોને જવાબદાર ઠેરવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ વારલી કિસાનો પર પણ દમનનો કોરડો વિંઝવામાં આવ્યો હતો. અને આ રીતે ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. આમ છતાં વારલી કિસાનોમાં આવેલી જાગૃતિને તેઓ દબાવી શકાઈ નહિ. આખરે વારલી કિસાનોની હડતાલ સફળ થઈ અને ઘાસ કાપવાની મજૂરી પેટે લઘુત્તમ વેતન તરીકે અઢી રૂપિયાની તેમની માંગણી સ્વીકારવાની જમીનદારો અને શાહુકારોને ફરજ પડી હતી.[૧૨]

➢ **ઉપસંહાર :**

આમ ઉપરોકત બાબતનો અભ્યાસ કરતાં ગુજરાતમાં ગાંધી અને સરદાર સિવાય પણ ઘણા બધા કિસાન આંદોલનો ગુજરાત કિસાનસભાના નેતૃત્વ હેઠળ થયેલ જોવા મળે છે.આવા આંદોલનો અંગ્રેજ સરકાર તેમજ દેશી રાજયમાં થયાં હતાં. ઠાકોર,રેંગણ,વજીરિયા અને સાવલી જેવા ઠકરાતી રાજયો આદીવાસીઓના ઉંમર ગામ તાલુકામાં વારલી કિસાનોનું આંદોલન જેવા અનેક આંદોલન કિસાન સભાના નેજા હેઠળ થયેલ જોવા મળે છે. આમાંથી તલવાડાની ઘટનાને જલિયાવાલા બાગની ઘટના સાથે સરખાવી શકાય.

આ આંદોલનો કિસાનો પ્રાણ પ્રશ્નો જેવા કે મહેસૂલના વધારા, જમીનદારો અને શાહુકારોના શોષણ, અત્યાચાર, સરકારના વન વિભાગના અત્યાચારો અને દેશી રાજયોના લાગાં, માગાં, વેઠ, ગુલામી પ્રથા, હાળીપ્રથા જેવાના મોટા પ્રશ્ન પર ચલાવવામાં આવ્યાં હતાં. ગુજરાત કિસાન સભાના આ આંદોલનમાંથી કેટલાકમાં સફળતા તો કેટલાકમાં નિષ્ફળતા પણ મળેલ જોવા મળે છે. કારણકે તેમની પાસે મર્યાદિત સાધનો હતા. તો બીજી તરફ ભારતને સ્વતંત્રતા મળવાની હતી એટલે કિસાનોને આશા હતી આઝાદી મળતાં જ તેમની તમામ સમસ્યા ઉકેલાઈ જશે. આમ વારલી કિસાન આંદોલન ઉપરોકત ચર્ચા કરતાં એક સફળ આંદોલન ગણી શકાય.

પાદનોંધ :

૧. ઈન્દુલાલ કે.યાજ્ઞિક,"આત્મકથા ભાગ-૫",પૃ-330-331

૨. પંડયા રોહિતઃ 'સાંસ્થાનિક ભારતના કિસાન આંદોલનો', અમદાવાદ,પૃ-૧૫૮-૧૬૨

૩. (H.D.S.) 800 (53)-BC-IV-G/1943-45,P-131 (M.S.A.)

૪. ગોદાવરી પરુળેકર, "માનવ જાગે છે જયારે", અમદાવાદ, ૧૯૭૨, પૃ-૩

૫. એજન,પૃ-110

૬. પૂર્વોકત ક્રમાંક નંબર -૧,પૃ-330-331

૭. Parulekar, S. V. The Liberation Movement Among Varli'Gujarat, Uni. Ahmedabad, p-578-80

૮. પૂર્વોકત ક્રમાંક નંબર -૨,પૃ-૧૫૮-૧૬૨

૯. પૂર્વોકત ક્રમાંક નંબર -૪,પૃ-૩

10. પૂર્વોકત ક્રમાંક નંબર -૧,પૃ-330-331

૧૧. Desai, A.R.:'Peasant Stuggle in india', Oup. new delhi,etc. 1979, p-569-582

૧૨. પૂર્વોકત ક્રમાંક નંબર -૨,પૃ-૧૫૮-૧૬૨